નહેરુ બાલ-પુસ્તકાલય

બાપુ

(ભાગ બીજો)

લેખક અને ચિત્રકાર
એફ. સી. ફ્રીટસ

અનુવાદ
ચંદ્રકાન્ત મહેતા

nbt.india
एकः सूते सकलम्

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા



ISBN 978-81-237-4141-3

પહેલી આવૃત્તિ 1970

પુનર્મુદ્રણ 2018 (શક 1940)

BAPU – Part II *(Gujarati)*

₹ 40.00

નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા
'નહેરુ ભવન', 5 ઈન્સ્ટીટ્યૂશનલ એરિયા, ફેઝ-II
વસંત કુંજ, નવી દિલ્હી-110070 દ્વારા પ્રકાશિત

www.nbtindia.gov.in



ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ શરૂ કર્યો અને સરકારે એમને પકડ્યા. લોકોએ એના વિરોધમાં સંપૂર્ણ હડતાલ પાડી. જોકે, કેટલેક ઠેકાણે હિંસા થઈ. પણ મોટેભાગે તો સવિનયભંગની ચળવળ શાંતિથી ચાલતી હતી.

મુંબઈમાં તો એમ લાગતું હતું કે જાણે બે સરકારનું રાજ ચાલે છે. અંગ્રેજો અને હિન્દી સૈનિકો અંગ્રેજના રાજને માનતા હતા; જ્યારે બીજા બધા તો કૉંગ્રેસને જ સરકાર માનતા હતા.

દરેક અઠવાડિયે એક વાર તો હડતાલ પડતી જ. કૉંગ્રેસનો હુકમ થતાંવાર, થોડી જ વારમાં, આખા શહેરમાં હડતાલ પડતી અને હજારો લોકો શાંતિથી રસ્તા પર એકઠા થતા. કૉંગ્રેસની રજા વિના કશું કામ કોઈ કરતું નહિ. ખાદીધારી માણસો સરઘસો કાઢતા, રાષ્ટ્રીય ગીતો ગાતા. રસ્તામાં જ્યાં જુઓ ત્યાં સૌ કોઈ ખાદીનાં કપડાંમાં જ દેખાય. ભારતના લોકો અંગ્રેજોના રાજ્યને હવે વધુવાર સાંખી નહિ લે એમ લાગતું હતું.

તે વખતના વાઈસરૉય લૉર્ડ ઇરવીનને સમાધાન કરવું હતું. આથી એમણે 25 જાન્યુઆરીને દિવસે, કશી પણ શરત કર્યા વિના, ગાંધીજી અને કૉંગ્રેસ કારોબારીના સભ્યોને છોડી મૂકવાનો હુકમ કર્યો. આમ કરવાનો એમનો હેતુ લોકો ભેગા મળીને ચર્ચા કરી શકે એ હતો. 26મી જાન્યુઆરી 1931ને દિવસે ગાંધીજી તથા બીજા નેતાઓને છોડી મૂકવામાં આવ્યા. જોકે સરકારનો જુલમ તો ચાલુ જ હતો. તો પણ ગાંધીજી વાઈસરૉય જોડે ખુલ્લા દિલથી વાત કરવા તૈયાર થયા.



છઠ્ઠી ફેબ્રુઆરીએ અલ્હાબાદમાં કૉંગ્રેસની કારોબારી મળી. એમાં સમાધાન કરવાનું નક્કી થયું અને કૉંગ્રેસ તરફથી વાઇસરૉય જોડે વાટાઘાટ કરવા ગાંધીજીને નીમ્યા.

કેટલાક લોકોને આ સમાધાનની વાતો ગમી નહિ.

ચર્ચિલે કહ્યું : ''મિડલ ટેમ્પલમાં ભણી બૅરિસ્ટર બનેલા આ રાજદ્રોહી ગાંધીએ પૂર્વના દેશોમાં જાણીતા એવા ફકીરનું સ્વરૂપ હાલ ધારણ કર્યું છે. સવિનય ભંગની પ્રતિકારઝુંબેશ ચલાવતા-ચલાવતા તેઓ રાજાના પ્રતિનિધિ સાથે સમાન કક્ષાએ મંત્રણા કરવા, અર્ધનગ્ન સ્વરૂપે, વાઈસરોયના મહેલનાં પગથિયાં ચડે છે. આ બધું કંટાળાજનક અને ઘૃણાસ્પદ છે.

ફેબ્રુઆરીની 17મીએ શરૂ થયેલી ચર્ચાને પરિણામે આખરી સમાધાન થયું. આ સમાધાનને ગાંધી-ઈરવીન કરાર તરીકે ઓળખવામાં આવે છે. આ કરાર પર પાંચમી માર્ચે સહી થઈ. આ સમાધાન માટેની ચર્ચા મિત્રભાવે તથા મીઠાશથી થઈ. પણ સરકારી અમલદારો એની વિરુદ્ધ હતા. પરિણામે થોડા જ વખતમાં મતભેદો ઊભા થયા. શાસ્ત્રી, સપ્રુ અને જયકર, જે ઉદારમતવાદીં હતા, તે વચ્ચે પડ્યા. એમણે

બન્ને પક્ષોને કડક વલણ ન લેવા વિનતિ કરી. એમણે બન્ને પક્ષો એક-બીજાને સમજવા પ્રયત્ન કરે એવો આગ્રહ રાખ્યો. આ વિનતિને માન્ય રાખી ગાંધીજીએ સત્યાગ્રહની લડત બંધ કરી.

આ કરાર પ્રમાણે : (1) સત્યાગ્રહ બંધ કરવામાં આવે, (2) ભારતનું નવું બંધારણ ઘડવા ને સંઘરાજ્ય સ્થાપવા તથા મધ્યસ્થ સરકાર તથા રાજ્યોની સભા નક્કી કરવા લંડનમાં જે ગોળમેજી પરિષદ ભરાય તેમાં કૉંગ્રેસ ભાગ લે, અને (3) પોલીસે ઠેર ઠેર કરેલા જુલમોની તપાસ માટે માગણી કરવામાં ન આવે.

આ સિવાય, સત્યાગ્રહ કરવા માટે જે રાજકીય કેદીઓ પકડાયા હોય તેને છોડી મૂકવાની; જમીન ને બીજી જે માલમિલકત સરકારે જપ્ત કરી હોય તે તેના માલિકને પાછી સોંપી દેવાની; સત્યાગ્રહને દાબી દેવા જે હુકમો કાઢ્યા હોય તે પાછા ખેંચી લેવાની; કર આપ્યા વિના લોકોને મીઠું બનાવવા દેવાની; દારૂની, પરદેશી કાપડની ને અફીણની દુકાનો પર શાંતિપૂર્વક પિકેટિંગ કરવા દેવાની વાઈસરૉય તરફથી ખાતરી અપાઈ. વિદેશી કાપડ પર પિકેટિંગ કરવા દેવાની રજા એટલા માટે માગવામાં આવી હતી કે જેથી સ્વદેશીને ઉત્તેજન મળે.

1931ની 27મી ઑગસ્ટે ગાંધીજી, પંડિત માલવિયા અને સરોજિની નાયડુ ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન જવા ઊપડ્યાં. એ પરિષદ ભારત માટેની ભવિષ્યની યોજના ઘડવા બોલાવવામાં આવી હતી. દેશી રાજાઓ, મુસલમાનો, શીખો, ખ્રિસ્તીઓ તથા પારસીઓના પ્રતિનિધિઓએ પણ એમાં હાજરી આપેલી.





ગાંધીજીની જોડે એમના અંગત માણસોમાં મહાદેવભાઈ તથા પ્યારેલાલ, એમનો પુત્ર દેવદાસ તથા મીરાંબેન હતાં.

મિત્રોએ તથા બીજા શુભેચ્છકોએ ગાંધીજીને અભિનંદનના અનેક સંદેશાઓ મોકલ્યા. આગબોટમાં ગાંધીજી એમની ટેવ પ્રમાણે રેંટિયો કાંતતા, વાંચતા ને કાગળો લખતા. એ તુતક પર ચાલતા પણ ખરા. ગાંધીજીને બાળકો ખૂબ ગમતાં તેથી યુરોપિયન બાળકો જોડે એમણે દોસ્તી બાંધી દીધી. જ્યાં આગબોટ ઊભી રહે ત્યાં લોકો એમનાં દર્શન માટે આવતા ને એમને સફળતા ઈચ્છતા.



કેટલાંય અઠવાડિયાં સુધી લંડનમાં ચર્ચા ચાલી, પણ કંઈ વળ્યું નહિ. ગાંધીજીને તો પૂરી આઝાદી જોઈતી હતી. કોઈ પણ રીતે એ ગુલામી ચલાવી લેવા તૈયાર જ નહોતા. ગોળમેજી પરિષદમાં જે કાંઈ આપવાની ત્યાંની સરકારે વાત કરી તે ગાંધીજીને ખપતું નહોતું.

ગાંધીજીએ થોડામાં, પણ સારી રીતે કહ્યું : 'તમે કહો છો કે હું મારા ઘરનો માલિક છું, પણ તિજોરીની ચાવી તો તમે તમારી પાસે રાખો છો ને ઉપરથી મારે બારણે ચોકીદાર બેસાડો છો.'

પરિષદમાં બીજા બધાએ નક્કી કર્યું કે



જુદા જુદા ધર્મોના લોકો માટે અલગ અલગ બેઠકો રાખવી. વળી મત આપનારા દરેક પોતાની કોમના લોકોને જ મત આપી શકે એવું પણ ઠરાવ્યું.

ગાંધીજી બહુ નિરાશ થઈ ગયા, કારણ કે જો આમ ભાગલા પાડવામાં આવે તો રાષ્ટ્રીય સરકાર તો સ્થપાય જ નહિ. એમણે જે કાંઈ મઝાનું કામ કર્યું તે પરિષદની બહાર હતું. એ તો પોતાની જાતને ગરીબ માનતા અને ગરીબ લોકોની જેમ જ રહેતા. એ લંડનના પૂર્વ ભાગમાંના ગરીબોના લત્તામાં આવેલા કિંગ્ઝલી મ્યુરિયલ હૉલમાં રહ્યા. લિસ્ટર નામની એક બાઈના મહેમાન બન્યા. એ જ્યાં રહેતા ત્યાંથી સૅન્ટ જેમ્સ પેલેસ કે જ્યાં ગોળમેજી પરિષદ ભરાતી હતી તે બહુ દૂર હતો. આમ છતાં, અગવડો વેઠીને પણ, લંડનના ગરીબ



લોકોની સાથે જ રહેવાનો એમણે આગ્રહ રાખ્યો.


લૅંકેશાયરમાં એમણે શનિવાર ને રવિવાર વિતાવ્યા. ત્યાં એમને ખૂબ મઝા પડી. હિન્દુસ્તાનમાં પરદેશી કાપડનો બહિષ્કાર થયો તેથી ત્યાંની કાપડની મિલોમાં ઘણા મજૂરો બેકાર બની ગયા હતા. તેમની આગળ ગાંધીજીએ એમના દેશમાં કેવી ગરીબી છે તથા લોકો કેવું દયા ઊપજે એવું જીવન જીવે છે તેનું વર્ણન કર્યું. ગાંધીજીની વાત સાંભળી એમના હૃદયમાં પણ ભારતના ગરીબ લોકો તરફ દયા ઊપજી. ગાંધીજીએ એમને જીતી લીધા.

ઇંગ્લૅન્ડમાં ગાંધીજીએ જાતજાતના ને ભાતભાતના લોકો સમક્ષ પ્રવચન કર્યાં. તેઓ કેટલાય માણસોને મળ્યા, એમાં ઇંગ્લૅન્ડના રાજા હતા, મશ્કરો ચાર્લીચૅપ્લિન હતો, નાટ્યલેખક બર્નાર્ડ શૉ હતા ને લોઇડ જ્યોર્જ કે સેમ્યુઅલ હોર જેવા રાજકીય માણસો પણ હતા.

એ ઇંગ્લૅન્ડમાં હતા ત્યારે પણ એમની ટેવ મુજબ રોજ સવારના ફરવા જતા. ત્યાં તો સખત ઠંડી પડતી હતી. પણ એ તો એમનો લંગોટ, ઉપર એક ચાદર, ચંપલ એટલું જ પહેરતા. એમના ટીકાકારો કહેતા કે એ તો નગ્ન ફકીર છે, પણ એવા નાગા ફકીરને પણ ઇંગ્લૅન્ડના રાજા તથા રાણીએ મુલાકાત આપી. એમને સૌથી વધુ આનંદ તો બાળકોને મળવાથી આવતો. બાળકો પણ ગાંધીજીને ખૂબ ચાહતા ને એમની નમ્રતા તેમ જ માયાળુપણાથી તેમની તરફ આકર્ષાતાં. એમના જન્મદિવસે બાળકો ભારતનાં ગરીબ બાળકો માટે કીમતી ભેટો લઈ આવ્યાં. ઇંગ્લૅન્ડમાં એમને જે કાંઈ ભેટો મળી તેમાં ભારતનાં ગરીબ બાળકો માટેની ભેટો એમને ખૂબ વહાલી લાગી. ઇંગ્લૅન્ડ છોડતી વખતે એમણે ફક્ત બાળકોએ આપેલાં રમકડાં જ સાથે લીધાં.

જતી વખતે ઇંગ્લૅન્ડના લોકોનો આભાર માનતાં એમણે કહ્યું, ''આ તમારી મહેમાનગીરી, આ તમારી માયા, હું ક્યારેય નહિ ભૂલું. મારા દેશ પર અંગ્રેજો ગમે તેવો જુલમ કરશે તો પણ તમારો પ્રેમ હંમેશાં યાદ રહેશે.''


ઇંગ્લૅન્ડથી ભારત આવતાં રસ્તામાં એ એમના જૂના દોસ્ત રોમાં રોલાંને મળવા જીનીવાના સરોવર-કિનારે ગયા. રોમાં રોલાં ફ્રાન્સના રહેવાસી હતા. એમને ભારત તરફ ખૂબ પ્રેમ હતો. રોમાં રોલાંને આપણી સંસ્કૃતિ ગમતી, આપણું સાહિત્ય ગમતું. રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદના તો એ ભારે ભક્ત હતા. બન્ને દોસ્તો ઉમળકાથી મળ્યા. પેટ ભરીને જાતજાતની વાતો કરી. હિન્દુસ્તાનની આઝાદીની વાતો પણ કરી. એમની જોડે ગાંધીજીએ કેટલાક દિવસો ખૂબ આનંદમાં વિતાવ્યા.





રોમાં રોલાંએ ગાંધીજીની જીવનકથા લખી છે તે ઘણી જાણીતી છે. રોમાં રોલાંને મળીને એ રોમના જાણીતા સિસ્ટન દેવળમાં ગયા. વધસ્તંભ પરની ઈશુની મૂર્તિ સામે આવીને ઊભા રહ્યા ત્યારે એમની આંખો ભરાઈ આવી.

1931ની ડિસેમ્બરની 28મી તારીખે એ મુંબઈ આવી પહોંચ્યા. આવ્યા તે જ દિવસે સાંજે મુંબઈના આઝાદ મેદાનની વિશાળ સભામાં એમણે ભાષણ આપ્યું. લંડનમાં શું શું થયું તેની લોકોને વિગતથી વાતો કરી. ઈંગ્લેન્ડનો શા માટે ફેરો એમનો નકામો ગયો તે સમજાવ્યું.






એમણે કહ્યું, "મને હતું કે સરકાર જોડે સહકાર કરવાનો કોઈ રસ્તો નીકળશે. હજીય કોઈ રસ્તો નીકળે એ માટે હું કોશિશ કરું છું."

પણ તે વખતના વાઈસરૉય લૉર્ડ વિલિંગ્ડનને સમાધાન જોઈતું નહોતું. એણે તો વટહુકમ પર વટહુકમ છોડવા માંડ્યા અને પકડાપકડી શરૂ કરી. કૉંગ્રેસે પણ સત્યાગ્રહ ફરી શરૂ કરવાની ઘોષણા કરી. 1932ની 4થી જાન્યુઆરીએ મુંબઈમાં ગાંધીજીને પકડ્યા. તે દિવસે ગાંધીજીનો મૌનવાર હતો. એટલે પોતાના સાથીઓ અને ઇંગ્લૅન્ડના મિત્રોને એમણે સંદેશા લખીને મોકલ્યા.

સત્યાગ્રહ જોરશોરથી શરૂ થયો એટલે સરકારનો જુલમ પણ બમણા જોરથી થવા લાગ્યો. કૉંગ્રેસ તેમ જ બીજી સંસ્થાઓને સરકારે ગેરકાયદે જાહેર કરીને એની મિલકત જપ્ત કરી. કૉંગ્રેસવાળાને વીણીવીણીને પકડવા માંડ્યા. તેમનાં ઘરબાર ને છાપખાનાં જપ્ત કર્યાં. સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવામાં આવી.


આ બધાં પગલાં જોઈએ તે કરતાં વધારે સખત હતાં. '1857ના બળવા પછી આટલાં કડક પગલાં લેવાયાં નથી' એમ ઇંગ્લેન્ડના કૉંગ્રેસ વિરોધી ચર્ચિલે કહ્યું. આમ છતાં સત્યાગ્રહની લડત તો પૂરજોશમાં ચાલતી રહી. ગુજરાત અને ઉત્તરપ્રદેશના ખેડૂતોએ મહેસૂલ આપવાની ના પાડી. જંગલ અંગેના કાયદાનો ભંગ થયો. મીઠાની ઈજારાશાહીનો અનાદર કરાયો ને પરદેશી કાપડનો બહિષ્કાર તો ચાલુ જ હતો.

લોકો પ્રતિબંધનો ભંગ કરી સભા ભરે કે સરઘસ કાઢે એટલે




પોલીસ લાઠીઓ લઈને તેના પર તૂટી પડતા. જ્યાં બળવો થતો ત્યાં પોલીસ ફર્યા કરતી. લોકો પર ભારે દંડ નખાતા. એકલા જાન્યુઆરી મહિનામાં જ 1500 લોકોને પકડવામાં આવ્યા. વર્ષ પૂરું થતાં લગભગ 67,000 માણસોને જેલની સજા થયેલી.

જવાહરલાલ નહેરુ તો જેલમાં જ હતા. કસ્તુરબા પણ સત્યાગ્રહ કરીને જેલમાં જઈને બેઠાં. પહેલાંની જેમ જ ગાંધીજીએ જેલમાં મળતા સમયનો સદુપયોગ કર્યો. એમણે ભંગીઓ ઢેડ ચમાર, જેને હિન્દુઓ નીચ ગણીને હડધૂત કરતા હતા, એમનું અપમાન કરતા હતા, એમનો તિરસ્કાર કરતા હતા એમનો સવાલ હાથમાં લીધો.



ગાંધીજીએ તેમને 'હરિજન', એટલે કે ભગવાનના માણસો એવું નામ આપ્યું. તે પછી એમણે જે નવું અઠવાડિક શરૂ કર્યું તેને પણ એમણે 'હરિજન' નામ જ આપ્યું. એમણે કહ્યું કે બીજા લોકો જેનો ખૂબ તિરસ્કાર કરે છે, તે ઈશ્વરને ખૂબ વહાલા હોય છે.



સરકાર આ લોકોને હિન્દુઓથી જુદા ગણીને સંસદમાં એમને એમના પ્રતિનિધિઓ ચૂંટવાનો હક આપવા માગતી હતી, ગાંધીજીને એથી ખૂબ દુઃખ થયું. જો એમ થાય તો તો હરિજનો છૂટા જ પડી જાય, હિન્દુઓમાં ભળે નહિ ને એમ ઊંચી જાતના હિન્દુઓથી એ તદ્દન વિખૂટા પડી જાય, બન્ને વચ્ચે વેરઝેર વધે. ગાંધીજીએ ઇંગ્લૅન્ડની સરકારને, હરિજનોને હિન્દુઓથી અલગ રાખે એવું કોઈ પગલું ન લેવા જણાવ્યું. પણ સરકારે તો હરિજનોને હિન્દુઓથી જુદા રાખવાનો





નિર્ણય જાહેર કર્યો. સરકારના આ નિર્ણય સામે ગાંધીજીએ 1932ની 20મી સપ્ટેમ્બરે મૃત્યુપર્યંતના ઉપવાસ કરવાની જાહેરાત કરી. સરકાર ચોંકી ઊઠી. લોકો ગભરાયા. ગાંધીજીની સેવા કરવા કસ્તુરબાને ગાંધીજી પાસે યરવડા જેલમાં લઈ જવામાં આવ્યાં.

ઉપવાસને ત્રીજે દિવસે ગાંધીજીની સ્થિતિ ગંભીર બની. આ કારણે બધી કોમોના નેતાઓ ભેગા થયા. એમાં હરિજનોના નેતા આંબેડકર પણ હતા. ખૂબ ચર્ચા કરીને બધાએ સમાધાન કર્યું. આ સમાધાનની શરતો ગાંધીજીએ સ્વીકારી અને એ સમાધાનને 'યરવડા સમાધાન' એવું નામ અપાયું. સરકારે આ સમાધાનની શરતો માન્ય રાખી એટલે ગાંધીજીએ ઉપવાસ તોડ્યા. એ સમાધાન કરવા મળેલા નેતાઓની પરિષદે ઠરાવ કર્યો કે, "હવે પછી હિન્દુઓમાં કોઈ પણ માણસને એ ફક્ત અમુક કોમમાં જન્મ્યો છે તેથી અસ્પૃશ્ય ગણવામાં નહિ આવે."

ગોળમેજી પરિષદમાં ગાંધીજીએ હિન્દુ ધર્મની એકતા પર વારંવાર ભાર મૂક્યો હતો, ને તેથી જ એ એકતા માટે પોતાની જાતનો ભોગ આપવા તૈયાર થયા હતા. પરિષદમાં એમણે જાહેર કર્યું : "અસ્પૃશ્યોને જુદા ગણવામાં આવે એનો હું સખત વિરોધ કરું છું. શીખ જિંદગીભર સુધી શીખ રહેવાનો છે, મુસલમાન મુસલમાન, ને યુરોપિયન યુરોપિયન, પણ શું અસ્પૃશ્ય હંમેશાં અસ્પૃશ્ય જ રહેવાનો છે? જો અસ્પૃશ્યતા સદા જીવતી જ રહેવાની હોય તો હિન્દુ ધર્મ ખતમ થઈ જાય એ બહેતર છે."



ગાંધીજીનો રસ્તો સાફ નહોતો. હરિજનોને બીજા હિન્દુઓની સમાન ગણવામાં આવે અને એમની જોડે સમાનતાનું વર્તન રાખવામાં આવે તે માટે ગાંધીજીએ પ્રયત્ન કર્યો. પણ એમના અનુયાયીઓમાંથી જ એમને જોઈએ એવો સહકાર ન મળ્યો.

એમણે એમના નવા શરૂ કરેલા અઠવાડિક 'હરિજન'માં જોરદાર લખાણો લખવા માંડ્યાં. એમણે 'હરિજન સેવક સંઘ' સ્થાપ્યો જેણે પાછળથી ઘણું ઉપયોગી કામ કર્યું.


શરૂઆતમાં તો લોકોએ એમના કામ તરફ જે બેદરકારી બતાવી તેથી એમને ઘણું દુઃખ થયું. 1933ની 7મી મેએ એમને એક અનેરો

અનુભવ થયો. મધરાતે એ એકાએક જાગી ગયા. એમને લાગ્યું કે એમને કોઈ કહે છે કે, "તું એકવીસ દિવસના ઉપવાસ કર." એ અવાજે બીજે જ દિવસે એમને ઉપવાસ શરૂ કરવાની આજ્ઞા કરી. એ શાંતિથી સૂઈ ગયા ને બીજે જ દિવસે ઉપવાસની જાહેરાત કરી. એમને અટકાવવા ઘણા માણસોએ પ્રયત્ન કર્યો. પણ કંઈ વળ્યું નહિ.

સરકારને બીક લાગી કે ગાંધીજી જેલમાં મરી જશે. તેથી ઉપવાસને પહેલે દિવસે જ સરકારે એમને છોડી મૂક્યા.

ઉપવાસ દરમિયાન 21 દિવસ એમણે સાચા દિલથી પ્રાર્થના કરી. આને લીધે ઉચ્ચ વર્ણના હિન્દુઓ હરિજન તરફ જે વર્તન રાખતા હતા તેથી શરમાયા ને ધર્મને નામે જે કંઈ અધર્મ થતો હતો તે અટકાવવા તત્પર બન્યા.

એક તરફ સત્યાગ્રહ ચાલતો હતો, તો બીજી તરફ અસ્પૃશ્યતા





દૂર કરવાની પ્રવૃત્તિ પણ જોરશોરથી ચાલુ હતી, કારણ કે એમને મન સ્વતંત્રતાનો અર્થ વહેમ, અજ્ઞાન અને પરદેશી રાજ્યની ગુલામીમાંથી મુક્તિ એવો હતો.

ગાંધીજી લોકોના લાડીલા નેતા બની ગયા. આખો દેશ એમની દોરવણી પ્રમાણે કામ કરતો હતો. પહેલાં આટલા બધાં ક્ષેત્રોમાં કામ કરે એવો કોઈ નેતા આ દેશમાં પેદા થયો નહોતો. અભણ જનતા એમને સમજતી અને એ જે કહે તે પ્રેમથી કરતી.


ગાંધીજી કંઈ સામાન્ય રાજપુરુષ નહોતા. એ કાંઈ નાટકીય ઢબે ભાષણ કરતા નહોતા. એમનું ભાષણ સાંભળનારાઓને એ સરળ સીધા શબ્દોમાં પોતાની વાત સમજાવતા અને લોકોને સહેલાઈથી ગળે ઊતરી જાય એવી દલીલો કરતા. ઘણીવાર તેઓ સચ્ચાઈથી ને કુશળતાથી લોકોનાં દિલ જીતી લેતા.



એ રાજપુરુષ હતા, સુધારક હતા, લોકોને હસાવી જાણતા હતા, નીતિને માર્ગે લઈ જનારા હતા. બહુ જ કુશળતાથી એમણે લોકોને જગાડ્યા. એ જોઈને અંગ્રેજો આભા બની ગયા.



જ્યારે એ અંગ્રેજીમાં બોલતા કે લખતા, ત્યારે એમની ભાષા એની મેળે પ્રગટ થતી. ભાષા સાદી છતાં લોકો પર અસર કરનારી અને સહેલાઈથી સમજી શકે એવી હતી. એમને અંગ્રેજી




ભાષાના એક ઉત્તમ લેખક ગણવામાં આવે છે. એમની સીધી, સાદી ને અસરકારક ભાષાને ઘણા બાઈબલની ભાષા જોડે સરખાવે છે.

પોતાની માન્યતાઓની કસોટી કરવા, પોતાની દલીલો રજૂ કરવા અને સત્ય સ્વીકારવામાં નિષ્ફળ ગયેલા લોકોને પ્રતીતિ કરાવવા તેઓ ઘણીવાર પોતાની જાતને સજા કરતા, ઉપવાસ કરતા.

એમણે ઘણા ઉપવાસો કર્યા છતાં એમને લાગ્યું કે લોકોનાં હૃદયને પીગળાવવાની હજી જરૂર છે. વર્ધા આશ્રમમાં રહીને થોડી તાકાત આવતાં 7 નવેમ્બર 1933ને દિવસે એમણે ભારતનો પ્રવાસ શરૂ કર્યો.

એ જ્યાં જ્યાં ગયા ત્યાં વિશાળ સભા આગળ ભાષણ આપતા,





લોકો કલાકો સુધી એમનાં દર્શન માટે રાહ જોતા.

આ રીતે દસ મહિના સુધી આખા દેશમાં એ ફર્યા. એમના હરિજન ઉદ્ધારના કામ માટે ગરીબ લોકો નાની નાની રકમ એમને આપતા. એમનું ભાષણ સાંભળી સ્ત્રીઓ પોતાનાં ઘરેણાં ઉતારી આપતી. આ રીતે ગાંધીજીએ આઠ લાખ રૂપિયા ભેગા કર્યા.



'હરિજન આપણા ભાઈ છે' એ રીતનાં ગીતો ગવાતાં, ઉચ્ચ વર્ણના હિન્દુઓ હરિજન જોડે એકભાણે બેસીને જમતા, કેટલીક સંસ્થાઓએ હરિજન બાળકોને મફત ભણાવવાનું નક્કી કર્યું. મંદિરો તથા નિશાળો હરિજન માટે ખુલ્લાં મૂકાયાં.



ગાંધીજીને એમ પણ લાગ્યું કે હરિજનોએ ચોખ્ખા રહેવું જોઈએ. એ ચોખ્ખા હોય તો જ ઊંચ વર્ણના લોકો તેમને અપનાવે. તેથી એમણે હરિજનોને ચોખ્ખા શી રીતે રહેવું તે સમજાવ્યું. એ જાજરુ સાફ કરતા ને હરિજનો માટે મંદિરો



ખુલ્લાં મુકાવતાં, જેથી હરિજનો ભગવાનનાં દર્શન કરી શકે.

એમને આ બધું કરતાં ઘણી મુસીબત નડી. હરિજન નેતાઓ પણ એમને શંકાથી જોવા લાગ્યા. તો પણ એમણે તો એમનું કામ ચાલુ રાખ્યું. આખા દેશમાં એક નવું વાતાવરણ ફેલાઈ ગયું.

1934ના જાન્યુઆરીમાં બિહારમાં ભયાનક ધરતીકંપ થયો. હજારો માણસો મરી ગયા. હજારો ઘરબાર વિનાના થયા. રાહત તથા લોકોને ફરી વસાવવા માટેનાં કામ કરનારાઓની ત્યાં ઘણી જરૂર હતી. ગાંધીજીએ કુદરતી કોપથી થયેલો આ વિનાશ જોયો ત્યારે એમને લાગ્યું કે ગામડામાંથી જો ફેરફારની શરૂઆત થાય તો જ દેશમાં ફેરફાર થાય.

ઑક્ટોબરમાં એમણે કૉંગ્રેસમાંથી રાજીનામું આપ્યું અને ગામડાંના ઉદ્ધારના કામમાં લાગી ગયા. એમણે વર્ધામાં સ્થાપેલા નવા આશ્રમમાંથી આ કામ ઉપાડ્યું. વિનોબા ભાવે, મહાદેવ દેસાઈ, મીરાંબેન અને કસ્તુરબાની મદદથી એમણે ગામડાંમાં ઉદ્યોગો શરૂ કર્યા, રસ્તાની સફાઈ કરી, ખાતર એકઠું કરવા ખાડા ખોદ્યા.






એમના આગ્રહથી 1936માં કૉંગ્રેસનું અધિવેશન ફૈજપુર નામના ગામમાં ભરાયું. જવાહરલાલ નહેરુ એ વખતે પ્રમુખ હતા. આથી ગામડાંના ઉદ્ધારનું કામ ઝડપી બન્યું.

1937માં જે ચૂંટણી થઈ તેમાં કૉંગ્રેસની સારી એવી જીત થઈ. સાત પ્રાંતમાં કૉંગ્રેસને બહુમતી મળી. પછીથી અગિયાર પ્રાંતમાંથી નવ પ્રાંતમાં કૉંગ્રેસ રાજ કરતી હતી.


ગાંધીજી કૉંગ્રેસને રાજ ચલાવવાની બાબતમાં સલાહ આપતા. જનતાને શી રીતે લાભ થાય તે જણાવતા. ગાંધીજીએ ઘણા સુધારા સૂચવ્યા. એ માનતા હતા કે આપણી કેળવણીમાં શરીરશ્રમને મહત્ત્વ અપાવું જોઈએ.



વર્ધામાં એમણે અખિલ ભારતીય શિક્ષણ પરિષદ બોલાવીને પોતાના વિચારો સમજાવ્યા. પરિષદને એમની વાત સાચી લાગી. ખૂબ મહેનત કરવાથી એમની તબિયત વળી પાછી બગડી એટલે મુંબઈ જૂહુને કિનારે આરામ લેવા ગયા. ત્યાં દરિયાકિનારે બાળકો જોડે એ ખૂબ ગમ્મત કરતા.

જરા તબિયત સુધરતાં એ સરહદ પ્રાંતમાં ગયા. ત્યાં ખાન અબ્દુલ ગફારખાને એમનું સ્વાગત કર્યું. ખાન અબ્દુલ ગફારખાન ગાંધીજીના ભક્ત હતા. એમણે





અહિંસક સેના ઊભી કરેલી, જે લાલ ખમીસવાળા તરીકે ઓળખાતી. ગફારખાનને બધા સરહદના ગાંધીને નામે ઓળખતા. કૉંગ્રેસ ગાંધીજીની સલાહ વારંવાર માગતી. કૉંગ્રેસની નેતાગીરીમાં ઘણા ફેરફાર થયા. બીજા બનાવોએ ગાંધીજીનું ધ્યાન ખેંચ્યું. દેશી રજવાડાંના લોકો સ્વતંત્રતા મેળવવા ચળવળ ચલાવી રહ્યા હતા. આ રાજ્યો પૈકી રાજકોટના ઠાકોર લોકો સાથે કડક રીતે વર્તવામાં અને લોકોને દબાવી દેવામાં માનતા. એમને બીજા રાજાઓનો ટેકો હતો. એમના રાજ્યમાં લોકોએ અગાઉ લડત ચલાવી હતી ત્યારે એમણે સરદાર વલ્લભભાઈ, કે જે લોકો તરફથી વાતો કરવા આવ્યા હતા, તેમની જોડે સમાધાન કર્યું. પણ એમણે સમાધાનની શરતો પાળી નહિ અને લોકોની લડતને સખત રીતે દબાવી દીધી. રાજકોટ બહારના કોઈને પણ રાજકોટ રાજ્યમાં આવવાની મનાઈ કરી.

ગાંધીજીની તબિયત સારી નહોતી. કસ્તુરબા રાજકોટનાં હોવાથી એ રાજકોટની લડતમાં ભાગ લેવા તૈયાર થયાં. ઘણાએ વાર્યાં પણ માન્યાં નહિ,

1939ના ફેબ્રુઆરીની ત્રીજી તારીખે એ રાજકોટ આવી પહોંચ્યા કે તુરત જ એમને પકડ્યાં. આથી પરિસ્થિતિ ગંભીર બની. પોતાની ખરાબ તબિયતની વાત છાની રાખી ગાંધીજી રાજકોટ પહોંચ્યા. એમણે ત્યાં જઈ સમાધાન માટે પ્રયત્નો કર્યા પણ ઠાકોર તો જીદ લઈને બેઠા હતા. એથી ત્રીજી માર્ચે ગાંધીજીએ આમરણાન્ત ઉપવાસ શરૂ કર્યા. આ સમાચારથી આખો દેશ ખળભળી ઊઠ્યો.

પાંચમી માર્ચે ગાંધીજીને મળવા કસ્તુરબાને એમની પાસે લાવવામાં આવ્યાં. ગાંધીજીએ જાણ્યું કે એકલાં કસ્તુરબાને છોડ્યાં છે ને બીજી બહેનો જેલમાં છે એટલે એમણે કસ્તુરબાને પાછાં જેલમાં મોકલ્યાં, કારણ કે બાને કોઈ ખાસ લાભ અપાય એ એમને ગમતું નહોતું.

ગાંધીજીની સ્થિતિ ગંભીર બની. એમનામાં પાણી પીવા જેટલી શક્તિ ન રહી. મરણ નજીક હોય એમ લાગ્યું. એથી વાઇસરૉયે હિન્દના વડા ન્યાયાધીશ મોરિસ ગ્વાયરને લવાદ નીમ્યા. ઠાકોરે એ કબૂલ રાખ્યું એટલે ગાંધીજીએ ઉપવાસ છોડ્યા. મોરિસ ગ્વાયરે ચુકાદો આપ્યો કે ઠાકોરે એમનું વચન પાળ્યું નથી. આથી નવેસરથી સમાધાન કર્યું.





ઠાકોર વળી પાછા ફરી બેઠા ને વચન પાળ્યું નહિ. એટલું જ નહિ, પણ ગાંધીજીનો વિરોધ કરવા ભાડૂતી માણસો રોક્યા.

એકવાર ગાંધીજીની પ્રાર્થના સભામાં ઠાકોરના માણસોએ કાળા વાવટા ફરકાવ્યા ને સભામાં ધાંધલ મચાવી. પછી એ લોકો ગાંધીજીને ઘેરી વળ્યા. ગાંધીજીને કશી ઈજા ન થાય તેથી કેટલાક લોકો એમની આસપાસ ઊભા રહીને એમનું રક્ષણ કરવા ચાહતા હતા. ''ગાંધીજીએ ના પાડી. એમણે કહ્યું, ''કાં તો હું અહીં બેસી રહીશ કે આ લોકોની વચ્ચે એકલો જઈશ.''

ગાંધીજી ઊભા થયા, તેવું જ એમની પીઠમાં સખત દુ:ખવા આવ્યું. એમણે આંખો બંધ કરી પ્રાર્થના કરી. એમને લાગ્યું કે એમનામાં કોઈ શક્તિ પ્રવેશી છે. એમણે આંખો ઉઘાડી ને એમને પેલા તોફાનીઓની વચ્ચે રહેવા દેવા લોકોને કહ્યું.

એમણે તોફાની ટોળાના નેતાને બોલાવ્યો ને કહ્યું, ''તારે જે કરવું હોય તે કર. હું આ બેઠો.'' આની એવી જાદુઈ અસર થઈ કે પેલાની મારવાની વૃત્તિ ક્યાંય અલોપ થઈ ગઈ. એણે કહ્યું, ''હું તમને સહીસલામત ઘેર પહોંચાડી જઈશ.'' તે સાંજે જે માણસ એમને મારવા આવ્યો હતો તેના જ ખભા પર હાથ મૂકીને એ ઘેર ગયા.

1939ના સપ્ટેમ્બરમાં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. ભારતના લોકોને પૂછ્યા વગર વાઈસરૉયે ભારતને લડાઈમાં સામેલ કરી દીધું. કૉંગ્રેસે જર્મનીનો ગુનો છે એ વાત કબૂલ કરી પણ યુદ્ધ બાબતમાં નિર્ણય લેતાં પહેલાં ભારતના લોકોને પૂછવું જોઈતું હતું એમ જણાવ્યું.

એમ પણ કૉંગ્રેસે કહ્યું કે સ્વતંત્ર ભારત જ પોતાનો નિર્ણય લઈ શકે. ઇંગ્લૅન્ડને જો ભારતની મદદ જોઈતી હોય તો ભારતને એણે સ્વતંત્ર કરવાનું વચન આપવું જોઈએ. 1940ના ઑગસ્ટમાં વાઈસરૉયે ભારતના લોકોને પોતાનું બંધારણ ઘડવાનો હક આપ્યો, પણ એક એવી શરત પણ મૂકી કે દેશી રાજાઓ ને મુસલમાનો પણ એને મંજૂર રાખે. કૉંગ્રેસે એ વાતને કબૂલ ન રાખી.





ઑક્ટોબરમાં ગાંધીજીએ સત્યાગ્રહ શરૂ કર્યો. મોટા નેતાઓ પકડાયા એટલે ઘણા લોકો સત્યાગ્રહમાં જોડાયા. બધા એક જ સૂત્ર ઉચ્ચારતા હતા. ''બ્રિટનની લડાઈને માણસો તથા પૈસાથી મદદ કરવી એ પાપ છે. કોઈ પણ લડાઈનો સામનો અહિંસક રીતે જ થઈ શકે.''

થોડા જ મહિનામાં 20,000 લોકો જેલમાં ગયા. એકી વખતે 14,000 લોકો જેલમાં હતા.

જ્યારે જાપાનનો ખતરો વધુ પડતો જણાયો ત્યારે કાંઈક સમાધાન કરવાની બ્રિટનની ઇચ્છા થઈ. 1942ના માર્ચમાં ત્યાંની સરકારે સર સ્ટેફર્ડ ક્રિપ્સ નામના પ્રધાનને વધુ એક ઑફર સાથે મોકલ્યા પણ એનું કશું પરિણામ ન આવ્યું.

ગાંધીજીએ કહ્યું, ''અંગ્રેજ સરકાર સમાધાનનો ખરડો લઈને કોઈકને મોકલવાની છે એવી અફવા મેં સાંભળી હતી. પણ એ સમાધાનની શરતો મેં જોઈ નહોતી. સ્ટેફર્ડ ક્રિપ્સે એ જે કાંઈ લાવ્યા હતા તે મને બતાવ્યું. એ જોઈને મેં એમને કહ્યું, ''તમારે આ જ મુસદ્દો લાવવાનો હતો તો તમે આવ્યા જ શું કામ? મારી તમને સલાહ


છે કે પહેલા વિમાનમાં જ તમે અહીંથી પાછા ચાલ્યા જાઓ.'' ક્રિપ્સે કહ્યું, ''હું એની પર વિચાર કરીશ.''

બીજા બધા નેતાઓ પણ નિરાશ થઈ ગયા. ક્રિપ્સના ખરડામાં ભારતના નવા બંધારણને કોઈ પણ દેશી રાજા કે પ્રાંત મરજી પડે તો ફગાવી દઈ શકે એવી શરત હતી. એનો અર્થ એ થયો કે ભારતમાં કાયમનો વિખવાદ રહે. વળી આ ખરડામાં સરકારની બધી સત્તા કાંઈ ભારતીયોને આપવામાં આવી નહોતી.

આ વખતે ગાંધીજીને 'અંગ્રેજો ભારત છોડો'ની કલ્પના આવી. એ વખતે એમણે કહ્યું, ''ક્રિપ્સની નિષ્ફળતાએ મારા મનમાં આ વિચારને જન્મ આપ્યો. ક્રિપ્સ ઇંગ્લૅન્ડ પહોંચ્યો પણ નહિ હોય ને મને આ સૂઝ્યું. મને થયું, ''ક્રિપ્સની નિષ્ફળતાનો આપણે જવાબ આપવો જોઈએ.''

ગાંધીજીએ 'અંગ્રેજો ભારત છોડો'નો ઠરાવ ઘડ્યો અને 1942ની 14મી જુલાઈએ વર્ધામાં કૉંગ્રેસ કારોબારીએ એ પસાર કર્યો.

એ ઠરાવમાં એવી માગણી કરવામાં આવી હતી કે ભારતમાં અંગ્રેજોનું રાજ એકદમ ખતમ થવું જોઈએ. જો એમ ન થાય તો 1920થી કૉંગ્રેસે જે અહિંસક તાકાત જમાવી છે તેનો એ ઉપયોગ કરશે.



8મી ઑગસ્ટ 1942ને દિવસે મુંબઈના ગોવાળિયા ટૅન્કમાં અખિલ ભારત કૉંગ્રેસ સમિતિની બેઠકે 'ભારત છોડો' ઠરાવ પસાર કર્યો. એ ઠરાવમાં 'મોટા પાયા પર અહિંસક લડાઈ'

લડવાની આમ જનતાને હાકલ કરવામાં આવી. એ લડાઈના સેનાપતિ ગાંધીજીને નીમ્યા.

ગાંધીજીએ એ વખતે ભાષણ આપતાં કહ્યું, "હું આ લડાઈને દોરવાનો છું તે એક સેનાપતિ તરીકે નહિ, તમારા નેતા તરીકે નહિ, પણ જનતાના એક નમ્ર સેવક તરીકે લોકોની જે સારામાં સારી સેવા કરશે તે આ લડતનો નાયક બનશે."

આ એક મહાન બનાવ હતો, જેણે ભારતનો ઈતિહાસ બદલી નાખ્યો.



કૉંગ્રેસના બધા નેતાઓ ગોવાળિયા ટૅન્કના મેદાનમાં હાજર હતા. જેમણે રાજીનામાં આપ્યા હતાં તે પણ આ લડતમાં જોડાવા તૈયાર થઈ ગયા.

મંડપની બહાર લાખો લોકોની મેદની એકઠી થઈ હતી. વાતાવરણ ઘણું તંગ હતું. પણ આખા દેશમાં કાંઈક અદ્ભુત બનવાનું છે એવી આશા હતી.

લોકોએ નેતાઓને હર્ષનાદથી વધાવ્યા. તેઓની હાકલ ઉપર ગમે તે કરવા તેઓ તૈયાર થયા. છતાં ગાંધીજીએ હજી લડત શરૂ કરવાનો





હુકમ આપ્યો નહોતો. પણ સરકારે જ લડત શરૂઆત કરી. કશા પણ કારણ વિના લોકોને ડરાવવાને તથા વિખેરવાને એણે બહાર ઊભેલા લોકોનાં ટોળાં પર અશ્રુવાયુ છોડ્યો. હવે પછી સરકાર કેવો ત્રાસ ગુજારવાની હતી તેનો સ્વાદ લોકોને એણે ચખાડ્યો.

બીજે દિવસે વહેલી સવારે ગાંધીજી તથા કૉંગ્રેસના બીજા નેતાઓને સરકારે પકડ્યા. ગાંધીજીને પૂનાની પાસે આગાખાન મહેલમાં બે વર્ષ સુધી કેદમાં રાખ્યા. કસ્તુરબાને પણ એમની જોડે જ રાખ્યાં હતાં.

ગાંધીજી પકડાયા એ સમાચાર ફરી વળ્યા તેની સાથે દેશને ખૂણેખૂણે લોકોએ લડતને ઉપાડી લીધી. એમાં હિંસાત્મક તોફાનો પણ થયાં, કારણ, એમાં હિંસાવાદીઓ તથા જેઓને કૉંગ્રેસ જોડે સંબંધ નહોતો એવા જોડાયા હતા. સરકારે તો પાર વગરના અત્યાચારો કર્યા. શાંતિમય લોકોને ઢોરની જેમ માર માર્યો, ઠેકઠેકાણે લોકોને ગોળીથી ઠાર કર્યા, જે પકડાયા તેમને ચાબૂકના ફટકા મારી મારી લોહી પણ નીગળતા કર્યા, સત્યાગ્રહીઓને કોઈ જાતનો કેસ ચલાવ્યા વગર ભૂગર્ભ કોટડીઓમાં બંધ કર્યા.




નેતાઓને પકડ્યા પછી દેશમાં જે હિંસા ફાટી નીકળી તે માટે સરકારે ગાંધીજી અને કૉંગ્રેસને જવાબદાર ગણ્યાં. ગાંધીજીએ વાઈસરૉયને કાગળ લખીને સરકારનું જૂઠાણું ઉઘાડું પાડ્યું અને જો સરકાર એમને છોડે તો દેશમાં એ શાંતિ સ્થાપી શકે એમ પણ લખ્યું. વાઈસરૉયે કશો જવાબ ન આપ્યો.

ડિસેમ્બરમાં એમણે વાઈસરૉયને બીજો કાગળ લખ્યો જેમાં એમણે સત્ય હકીકત જાહેર કરવા જણાવ્યું. જો એમ કરવામાં નહિ આવે તો ઉપવાસ કરીને એ પોતાનું બલિદાન આપશે એમ લખ્યું.



ગાંધીજીએ કહ્યું, "મારી ઈચ્છા ઉપવાસ કરીને મરવાની નથી, પણ જો ઈશ્વરની ઈચ્છા હશે તો ઉપવાસની કસોટીમાંથી પસાર થવાની છે." 1943ની 18મી ફેબ્રુઆરીએ નાસ્તો કરીને એમણે 21 દિવસના



ઉપવાસ શરૂ કર્યા. સાતમે દિવસે એમની તબિયત ઘણી ખરાબ થઈ. એમને ઊંઘ ન આવી. નબળાઈ વધી. બે દિવસ પછી ડૉક્ટરોએ ગાંધીજીનું કદાચ મરણ થશે એવો ભય વ્યક્ત કર્યો.



દેશભરમાં વિરોધ દર્શાવાયો, સરઘસો નીકળ્યાં, પ્રાર્થનાઓ થઈ.

સરકાર ગાંધીજી તરફ જે ક્રૂર વર્તન રાખતી હતી તેનો ઘણા મોટા મોટા અંગ્રેજ નેતાઓએ પણ વિરોધ કર્યો. જાણીતા લેખક બર્નાર્ડ શોએ ગાંધીજી જોડે આવું વર્તન રાખવા માટે બ્રિટિશ પ્રધાનમંડળને પાગલ લોકોનું મંડળ કહ્યું. પણ ચર્ચિલ તો સત્યાગ્રહીઓ પર પોલીસ જે અત્યાચાર કરતી હતી તે માટે તેને શાબાશી આપતો હતો.

સરકારી આંકડા પ્રમાણે, પોલીસે 470 વાર ગોળીબાર કર્યા ને સૈનિકોએ 68 વાર. 1942ના ડિસેમ્બર સુધીમાં 60,000 સત્યાગ્રહીઓ પકડાયા હતા. 1943ના ફેબ્રુઆરીમાં 39,000 તો જેલમાં હતા. આવા અત્યાચારને ગાંધીજી 'જંગલી પશુના જેવી હિંસા' કહે તેમાં શી નવાઈ! દેશને સારે નસીબે ગાંધીજી કસોટીમાંથી પાર ઊતર્યા. 3જી માર્ચે કસ્તુરબાએ સંતરાના રસનો પ્યાલો એમને આપ્યો અને ગાંધીજીએ ઉપવાસ છોડ્યા.

1943ની આખરમાં બંગાળમાં ભયાનક દુકાળ પડ્યો. દુકાળમાં લગભગ પંદર લાખ માણસો મરી ગયા. ગાંધીજીએ દુકાળના વિસ્તારમાં જઈ કામ કરવા ઇચ્છા દર્શાવી, પણ સરકારે એમને છોડ્યા નહિ.



આગાખાન મહેલમાં કસ્તુરબા મરણપથારીએ પડ્યાં. નવેમ્બરમાં એમના ઉપર હૃદયરોગના બે હુમલા થયા. તરત જ ત્રીજો હુમલો પણ થયો. પણ સરકારે એમને જેલમાં રાખી મૂક્યાં.

1944ની 22મી ફેબ્રુઆરીએ કસ્તુરબાનું મૃત્યુ થયું. તે વખતે એ 75 વર્ષના હતાં. એ શક્તિશાળી સ્ત્રી, સાઠ વર્ષ સુધી ગાંધીજીના જીવનસાથી રહ્યાં. સરકારે એમને કેદી તરીકે



મરવા દીધાં તેથી આખો દેશ સરકાર પર ફિટકાર વર્ષાવતો હતો. આગાખાન મહેલના ચોગાનમાં એમનો જ્યારે અગ્નિસંસ્કાર થયો ત્યારે સો માણસો એમને અંજલિ આપવા હાજર હતા.

કસ્તુરબા તરફ લોકોને એટલું બધું માન હતું કે એમની યાદ કાયમ રહે તે માટે લોકોએ ફંડ એકઠું કર્યું. આ ફંડનો ઉપયોગ અત્યારે ગામડાંની બહેનો અને બાળકોનાં કલ્યાણ માટે થાય છે.

અને એ પછી તુરત જ ગાંધીજી માંદા પડ્યા અને તે વખતના વાઈસરૉય લોર્ડ વેવલે તેમને છઠ્ઠી મેએ છોડી મૂક્યા. એમણે છૂટીને થોડો આરામ લીધો ને પછી હિન્દના ભાવિ વિષે વાઈસરૉય જોડે વાતચીત કરવા માંડી. એ પછી સર્વસંમતિથી, કાંઈ યોજના ઘડી શકાય તે માટે, તેઓ મુસ્લિમ લીગના નેતા મહમદઅલી ઝીણાને મળ્યા.



આમાં રાજગોપાલાચારીએ એમને મદદ કરી. ઝીણા જોડેની વાતચીતના પરિણામની લોકો આતુરતાથી રાહ જોવા લાગ્યા, કારણ કે એના પર દેશના ભવિષ્યનો આધાર હતો. આ મંત્રણાઓ સફળ થઈ.

રાજકીય નેતાઓ વચ્ચે જાતજાતની વાતો થઈ. મુસ્લિમ



લીગના નેતા તરીકે ઝીણાએ તો એક જ વાત કહ્યા કરી : મુસલમાનો માટે પાકિસ્તાન નામનું જુદું રાજ્ય જોઈએ.

1946ના માર્ચમાં બ્રિટનના પ્રધાનમંડળે એનાં ત્રણ પ્રધાનોને ભારતના ભવિષ્ય વિષે તથા બંધારણ વિષે હિન્દના નેતાઓ જોડે વાતચીત કરવા મોકલ્યા.

એને પરિણામે બીજી સપ્ટેમ્બરે વચગાળાની સરકાર સ્થપાઈ, જવાહરલાલ નહેરુ એ સરકારના પહેલા વડાપ્રધાન બન્યા. જવાહરલાલ નહેરુ દરેક બાબત બાપુને પૂછીને જ કરતા.

મુસ્લિમ લીગે એવો દાવો કર્યો કે મુસ્લિમોના પ્રતિનિધિની નિમણૂક ફક્ત તે જ કરી શકે. ઝીણાએ સહકાર આપવાની ના પાડી દીધી. લીગે 16મી ઑગસ્ટે 'સીધાં પગલાં' દિન પાળ્યો અને સપ્ટેમ્બરની બીજી તારીખે કાળા વાવટા ફરકાવવા સૂચવ્યું. સોળમી ઑગસ્ટે કલકત્તામાં તોફાનો થયાં, તેમાં લગભગ 5,000 માણસો




મરી ગયા. દેશના બીજા ભાગોમાં પણ તોફાનો થયાં, એટલે ગાંધીજી કલકત્તામાં એ કોમી આગ હોલવવા ગયા.



પણ પાછળથી મુસ્લિમ લીગ સરકારમાં જોડાઈ. કૉંગ્રેસના નહેરુ અને મુસ્લિમ લીગના પ્રધાન અબ્દુલ રબ નિસ્તાર તોફાનને લીધે પાયમાલ થયેલાઓને આશ્વાસન આપવા કલકત્તા ગયા.

ગાંધીજી જ્યારે કલકત્તામાં હતા ત્યારે સમાચાર આવ્યા કે બંગાળનાં નોઆખલી અને ટીપેરા જિલ્લાઓમાં હિન્દુઓની કરપીણ હત્યા થાય છે.






ગામડાંમાં પણ હિન્દુ-મુસ્લિમ ઝેર પેઠેલું જોઈ તેઓ ખૂબ દુઃખી થયા. એમને લાગ્યું કે વેરઝેર, દ્વેષ એ બધું ગામડાંમાં પેસે તો દેશનું સત્યાનાશ જ વળી જાય.

આથી, એમની તબિયત ખરાબ હોવા છતાં, તેઓ નોઆખલી પહોંચ્યા.

1946ના સપ્ટેમ્બર અને માર્ચ 1947ના સમય દરમિયાન તેઓ 49 ગામડાંમાં ફર્યા. ઘણીવાર તો એ ઉઘાડે પગે ફરતા, કારણ કે એમને તો હિંસા માટે પ્રાયશ્ચિત્ત કરવું હતું. નોઆખલીમાં ગાંધીજી શાંતિ સ્થાપી શક્યા. ત્યાં એમને ખબર પડી કે બિહારમાં તોફાન થયાં છે, એટલે એ બિહાર ઊપડ્યા. આ વખતે મુસલમાનોને બચાવવા એ ગયા.

1945ની 6ઠ્ઠી ઑગસ્ટે ને નવમી ઑગસ્ટે જાપાનમાં હીરોશીમા અને નાગાસાકી શહેર પર અમેરિકાએ અણુબૉમ્બ નાખ્યા. બન્ને શહેરો પૂરા નાશ પામ્યા. બૉમ્બ ફાટીને અંદરની આગમાંથી જે વાદળું ઉદ્‌ભવ્યું તે બસો માઈલ દૂરથી દેખાતું હતું. જાપાને શરણગતી સ્વીકારી. ગાંધીજીએ કહ્યું, "હવે તો અહિંસાનું શસ્ત્ર જ બાકી રહ્યું છે. એ એવું શસ્ત્ર છે કે જેનો અણુબૉમ્બ પણ નાશ નહિ કરી શકે. જગતના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને ગાંધીજી વિષે કહ્યું છે કે "કેટલાંક વર્ષો પછી નવી પેઢીના લોકો માનશે પણ નહિ કે આવો, આપણા જેવા શરીરવાળો મહાપુરુષ દુનિયામાં હરતોફરતો હતો."





દિલ્હીમાં 1947ની ત્રેવીશમી માર્ચથી અખિલ એશિયાના દેશોની પરિષદ ભરાઈ હતી. આમાં એશિયાના મોટાભાગના દેશોએ એમના પ્રતિનિધિઓ મોકલ્યા હતા. સોવિયેટ સંઘના પાંચ પ્રજાસત્તાકોના પણ પ્રતિનિધિ હતા.

આ બધા પોતાના દેશો વચ્ચે ગાઢ સંબંધો સ્થાપવા માટેની યોજનાઓ વિચારી જવા મળ્યા હતા. એ દેશોના પ્રતિનિધિઓ સમક્ષ ભાષણ આપતાં ગાંધીજીએ તેમને જણાવ્યું કે સાચું ભારત જોવું હોય તો એ તેમને મોટાંમોટાં શહેરોમાં નહિ પણ સાત લાખ ગામડાંમાં જોવા મળશે. એમણે એ યાદ દેવડાવ્યું કે જગતના બધા મહાન ધર્મોના સ્થાપનારા એશિયાના હતા. ઈશુ પણ એશિયાના હતા. આથી એશિયાવાસીઓએ પશ્ચિમના દેશોને એ પયગંબરોનો પ્રેમનો સંદેશો પહોંચાડવાનો છે. વળી એમણે પશ્ચિમના દેશો, કે જેમણે એશિયાના દેશોનું શોષણ કર્યું છે, તેમના તરફ દુશ્મનાવટ ન રાખતાં પોતાનું શાણપણ વ્યક્ત કરવા જણાવ્યું.


1947ના માર્ચમાં લૉર્ડ માઉન્ટબેટન વાઈસરૉય તરીકે આવ્યા. તેઓ રાજાના પિતરાઈ ભાઈ થતા હતા અને રાણી વિક્ટોરિયાના વંશજ હતા. એ અને એમના પત્નીએ દેશમાં ઉત્સાહ જન્માવ્યો. એમણે તો કહ્યું કે ભારતમાંથી બ્રિટિશ રાજ્ય ખતમ કરવા જ તેઓ આવ્યા છે.

એમણે આવીને તરત ગાંધીજીને મળવા બોલાવ્યા.

ગાંધીજી એ વખતે બિહારમાં હતા એટલે એમને માટે વાઈસરૉયે ખાસ વિમાન મોકલવાની ઑફર કરી. છતાં ગાંધીજી તો, એમના સિદ્ધાંત પ્રમાણે, રેલગાડીના ત્રીજા વર્ગમાં જ દિલ્હી આવ્યા. બન્ને વચ્ચે બે કલાકથી વધુ સમય સુધી વાતચીત થઈ. એ બન્ને બાર દિવસમાં છ વાર કલાકો સુધી મળ્યા.

બન્ને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો. બન્નેને એકબીજા પર ભરોસો હતો. ગાંધીજીને એવી છાપ પડી કે બ્રિટિશ સામ્રાજ્યનો નાશ થતો હોય તોયે વાઈસરૉય સાચેસાચ ભારત સ્વતંત્ર થાય એમ ચાહે છે.





ભારતને આઝાદી આપવાનું નક્કી થયું. બ્રિટિશ રાજ્યને ખતમ કરવાનું પણ નક્કી થયું. પણ સાથેસાથે એક બીજા પક્ષની માગણીઓ સંતોષવા ભારતના ભાગલા પાડવાનું પણ નક્કી થયું. આથી ગાંધીજીના દુઃખનો કોઈ પાર રહ્યો નહિ. ગાંધીજી બધા નેતાઓને મળ્યા પણ ભાગલાના નિર્ણયને ફેરવી ન શક્યા.

કૉંગ્રેસે પંજાબ અને બંગાળના ભાગલા પાડવા સાથે આ ભાગલાનો સ્વીકાર કર્યો. આ વિશે બોલતાં એમણે એમની સાંજની પ્રાર્થના વખતે કહ્યું, ''હિન્દના કોઈ પણ જાતના ભાગલા થાય તે સામે મારો સખત વિરોધ છે. ઈશ્વર સિવાય બીજું કોઈ પણ મારી પાસે એનો સ્વીકાર નહિ કરાવી શકે... 32 વર્ષનાં મારા કામનું આવું ભયાનક પરિણામ આવશે એમ સ્વપ્ને પણ મેં ધાર્યું નહોતું. 15મી ઑગસ્ટના ઉત્સવમાં હું કોઈ પણ હિસાબે ભાગ નહિ લઈ શકું.''

રાતના બાર વાગ્યા. બીજો દિવસ ઊગ્યો. પણ એ દિવસ બીજા દિવસો કરતાં કંઈ જુદો જ હતો. એ દિવસ હતો 1947ની 15મી ઑગસ્ટનો. 190 વર્ષના બ્રિટિશ રાજ્ય પછી ભારત સ્વતંત્ર બન્યું હતું. નવી દિલ્હીના પાર્લમેન્ટગૃહમાં લૉર્ડ માઉન્ટબેટને ભારતની સ્વતંત્રતા વિશેનું શાહી ફરમાન વાંચ્યું. આ મહાન પ્રસંગની ખુશાલીમાં લોકો હર્ષનાદ કરી ઊઠ્યા, ટ્રેનોએ સીસોટી વગાડી, દેવળોમાં ઘંટનાદો ગાજી ઊઠ્યા, તોપો ગર્જી ઊઠી.


જવાહરલાલ નહેરુએ કહ્યું, 'દુનિયા સૂતી છે ત્યારે ભારતનું નવજીવન જાગી ઊઠ્યું છે.''

આ પ્રસંગે બોલતાં એમણે કહ્યું, ''વિધિએ મુકરર કરેલો દિવસ આવી પહોંચ્યો છે. લાંબા સમયની લડાઈ પછી ભારતદેશ જાગી ઊઠ્યો છે. હવે આપણે આઝાદ છીએ. આપણામાં નવી તાકાત આવી છે.''

''આ ફક્ત ભારત માટે જ નહિ, એશિયા માટે તથા આખી દુનિયા માટે મહાન પ્રસંગ છે.







“આપણી સામે મુસીબતનાં વાદળો હોવાં છતાં, લોકો ગમગીન હોવા છતાં, આપણી સામે મુશ્કેલ સવાલો હોવા છતાં આપણે આઝાદીનો આનંદ માણીએ છીએ!

“આજને શુભ દિને, ભારતની સ્વતંત્રતાના ઘડવૈયા એવા આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું સ્મરણ થાય છે. એમણે આઝાદીની મશાલને સળગતી રાખી છે ને અંધારાને હઠાવીને આપણને પ્રકાશમાં લઈ ગયા છે.

“આ દિવસે આઝાદી માટે જાન કુરબાન કરનારા અનેક શહીદોની પણ આપણને યાદ આવે છે – જેમણે શાબાશીની જરા પણ આશા રાખ્યા વિના દેશને માટે પોતાનાં બલિદાન આપ્યાં છે.

“દુનિયાના બીજા દેશો તથા લોકોને આપણે અભિનંદન પાઠવી ખાતરી આપીએ છીએ કે શાંતિની સ્થાપના માટે, સ્વતંત્રતા અને લોકશાહીના રક્ષણ માટે અમે તેમને પૂરેપૂરો સહકાર આપીશું.


“આપણી પ્રાચીન છતાં નિત્યનવીન એવી પ્યારી ભારતભૂમિને આપણે વન્દન કરીએ છીએ ને એની હંમેશાં સેવા કરવાની પ્રતિજ્ઞા લઈએ છીએ.”





શસ્ત્રોનો ઉપયોગ કર્યા વિના મળેલી આઝાદીનો ઉત્સવ લાખો લોકોએ ખૂબ ઉત્સાહથી મસ્ત બનીને ઊજવ્યો. ઘેર ઘેર રોશની ચમકી, તોરણો લટકાવાયાં, સરઘસો નીકળ્યાં, લોકોએ નાચગાન કર્યાં, હજારો ધ્વજવંદનો થયાં.

દિલ્હીના પ્રસિદ્ધ ને ભવ્ય લાલ કિલ્લા પર સફેદ, ભગવો ને લીલા રંગનો ત્રિરંગી ઝંડો લહેરાયો. આ ભવ્ય દૃશ્ય જોવા હજારો લોકો દિલ્હી આવ્યા



હતા. ધ્વજને સલામી આપવા લાખો લોકો હાજર થયા હતા. લાલ કિલ્લો ફરી એકવાર જીવંત ઈતિહાસનું કેન્દ્રબિંદુ બન્યો હતો.

ભારતના લોકો ખૂબ ઉદાર છે. એમના હૃદયમાં અંગ્રેજો સામે જરાય વેરઝેર નહોતાં. જેણે આઝાદી અપાવી તે માઉન્ટબેટનની લોકોએ જય બોલાવી. ગાંધીજીની, જવાહરલાલ નહેરુની, ભારતમાતાની, સરદાર ને સુભાષ બોઝના જયનાદે વાતાવરણ ગુંજી ઊઠ્યું.


પણ એક માણસ આ આનંદ-ઉલ્લાસમાં જોડાયો નહિ. એ માણસે આઝાદી હાંસલ કરવામાં બીજા કોઈ પણ માણસ કરતાં વધુ કાર્ય કર્યું હતું. એ માણસ હતા ગાંધીજી. નવી દિલ્હીએ એમને ઉત્સવમાં હાજર રહેવા આપેલા નિમંત્રણને એમણે પાછું ઠેલ્યું. એમણે દેશને



કશો સંદેશો પણ મોકલ્યો નહિ. બધે આનંદકિલ્લોલ હતો ત્યારે એ માણસના હૃદયમાં ભારે દુઃખ હતું. સ્વાતંત્ર્યદિનના બધા કિલ્લોલ અને આનંદના અવાજ પોતાને ન સંભળાય એ માટે એમણે પોતાના કાનમાં આંગળીઓ ઘાલી દીધી.

એમની નજર સામે એમનાં સ્વપ્નાંનું ભારત નહોતું, પણ જેના ભાગલા પડી ગયા છે એવું ખંડિત ભારત હતું. હિન્દુ અને મુસલમાન વચ્ચે પ્રેમ જળવાઈ રહે એ માટે એમણે જિંદગીભર પ્રયત્ન કર્યો, છતાં દેશનો એક વિભાગ પાકિસ્તાન એટલે કે ઇસ્લામી રાજ્ય બની ગયો.

એમની 32 વર્ષની કામગીરી પર પાણી ફરી વળ્યું એથી એ દુઃખી હતા. એમણે તે દિવસે ઉપવાસ કર્યો, પ્રાર્થના કરી ને કાંત્યું.





એમણે એક મિત્રને લખ્યું : "તમારે માણસાઈમાંથી વિશ્વાસ ગુમાવવાનો નથી. જનસમૂહ એ તો દરિયો છે. એ દરિયાના થોડાં ટીપાં ગંદા હોય, તો તેથી કંઈ દરિયો ગંદો બનતો નથી. એમણે કહ્યું, "હે ભગવાન! તું અમને અંધારામાંથી અજવાળામાં લઈ જા."


સ્વતંત્રતા મળી પછી પંજાબમાં નિર્દોષ લોકોની કતલ થઈ. કલકત્તામાં ગાંધીજી હાજર હોવાથી બંગાળમાં ભયાનક રમખાણ થતું અટક્યું. પણ સપ્ટેમ્બરમાં રમખાણો ફાટી નીકળ્યાં. ગાંધીજીએ માનવહત્યા બંધ ન થાય તો આમરણ ઉપવાસનો એમનો જૂનો ઈલાજ અજમાવ્યો. આની તરત જ અસર થઈ. લોકોએ લાઠી, છરા, બંદૂક વગેરે હથિયારો ફેંકી દીધાં. ત્યાંના એક છાપાએ લખ્યું : "આપણે બધાં શાંતિથી જીવી શકીએ તે માટે એ મરવા તૈયાર થયા."



સપ્ટેમ્બર મહિનાના અંતમાં એમનું કામ પૂરું થયું એટલે ગાંધીજી દિલ્હીના બિરલાહાઉસમાં આવી પહોંચ્યા. બીજી ઑક્ટોબર 1947ને દિવસે એમનો 78મો જન્મદિવસ હતો. તે દિવસે માઉન્ટબેટન અને તેમનાં પત્ની એમને અભિનંદન આપવા આવ્યાં. ગાંધીજી કાયમ કહ્યા કરતા હતા કે એમને તો સવાસો વર્ષ જીવવું છે, પણ હવે તો એ વધારે જીવવા માગતા નહોતા. એમનું આસપાસનું વાતાવરણ અકળાવી મૂકે એવું હતું અને એમનાં બધાં સ્વપ્નાં તૂટી પડ્યાં હતાં.

એમણે પોતાની વ્યથા જણાવતાં કહ્યું, ''મેં સાંભળ્યું છે કે પાકિસ્તાની પંજાબમાંથી હિન્દુ અને શીખ નિરાશ્રિતોની 57 માઈલ લાંબી કતાર ભારતમાં આવે છે. આ સાંભળી મારું માથું ભમી જાય છે. આવું બને જ કેમ? દુનિયાના ઈતિહાસમાં આવું કદી બન્યું નથી. આ સમાચારથી આપણે કોઈ શરમથી ઝૂકી ગયેલું માથું ઊંચું કરી શકીએ એમ નથી.''










ગાંધીજી જે કહેતા હતા એમાં જરા જેટલી પણ અતિશયોક્તિ નહોતી. પોતાનાં ઘરબાર તથા માલમિલકત છોડીને ભાગી છૂટેલા જે દોઢ કરોડ માણસોની, સેંકડો માઈલ ચાલીને આવ્યા તે લોકોની, 57 માઈલ લાંબી કતાર તો એવી અનેક કતારોમાંથી એક હતી. એ બિચારાં ઘરબાર વગરનાં, જેને ઉપર આકાશ અને નીચે ધરતી હતાં એવાં એ માનવીઓની દશા અત્યંત દયાજનક હતી. ભારતનો જે ભાગ પાકિસ્તાનમાં ગયો હતો ત્યાંથી લાખો હિન્દુઓ અને શીખો ભારતમાં ભાગી આવ્યા, તેવી રીતે લાખો મુસલમાનો પગપાળા પાકિસ્તાન ભાગી ગયા. ઘણીવાર આ સામસામી દિશામાં ભાગતાં ટોળાંઓ વચ્ચે અથડાતાં ને ત્યાં પાછો ભયાનક હત્યાકાંડ મચી જતો. એ ભાગતાં ટોળામાંથી માંદા, ભૂખ્યા ને થાકેલા લોકો રસ્તામાં જ ગબડી પડતા ને મરી જતા.

ખોટા ધર્મઝનૂનથી માણસો પાગલ બની ગયા હતા. તોપણ ગાંધીજીનો માનવીમાંથી ને ઈશ્વરમાંથી વિશ્વાસ ડગ્યો નહોતો.

ગાંધીજીએ તો ઘણા આઘાતો અનુભવ્યા હતા, હૃદયને ભાંગી નાખે એવા પ્રસંગો જોયા હતા. આ બધી વખતે એમને ક્યાંથી શક્તિ મળતી તે વિશે એમણે કહ્યું હતું : ‘‘પ્રાર્થનાએ જ મને બચાવ્યો છે. પ્રાર્થના વિના હું ક્યારનો ગાંડો બની ગયો હોત. મને થયેલાં કડવામાં કડવા



અને જાહેર અનુભવો થોડો વખત મને નાસીપાસ કરતા પણ પ્રાર્થનાથી મારો નિરાશાનો અંધકાર દૂર થતો. પ્રાર્થના સત્યની જેમ જ મારા જીવનની જોડે વણાઈ ગઈ છે. રોજ-બ-રોજ મને આઘાત આપનારા ને દુ:ખી કરનારા એટલા બનાવો બને છે કે જો આવે વખતે પણ મારા હૃદયમાં રહેલા પરમાત્માનો મેં અનુભવ ન કર્યો હોત તો મારું મગજ ભમી ગયું હોત ને હુગલી નદીમાં ભૂસકો મારી મેં આપઘાત જ કર્યો હોત.''





ગાંધીજી દિલ્હીમાં હતા. હિન્દુ અને મુસલમાન વચ્ચે જે ઘર્ષણ ચાલતું હતું તેનાથી એ અત્યંત દુ:ખી અને નિરાશ થયા હતા. એમણે કહ્યું કે, આખી જિંદગીમાં આવી નિરાશા મેં ક્યારેય અનુભવી નથી.

કોઈની પણ સલાહ લીધા વિના એમણે આમરણાન્ત ઉપવાસ શરૂ કર્યા. એમણે કહ્યું કે એમના ઉપવાસ હિન્દુસ્તાનના હિન્દુ અને મુસલમાનોના અને પાકિસ્તાનના મુસલમાનોનાં હૃદયને જાગ્રત કરવા માટે છે. બધા લોકો એમના જીવને બચાવવા તથા બન્ને કોમો વચ્ચેનાં વેરઝેર મિટાવવાને તત્પર બન્યા. ભારતે પાકિસ્તાનને આપવાના પંચાવન કરોડ રૂપિયા એ આશાએ અટકાવ્યા હતા કે પાકિસ્તાન પાસેથી જે નાણાં લેવાનાં છે તે સામે તે સરભર કરવામાં આવશે. પણ ગાંધીજીની વિનતિથી પાકિસ્તાનને આપવાનાં નાણાં તુરત મોકલી આપવામાં આવ્યાં. ઉપવાસ ચાલુ રહેવાને કારણે એ ઘણા નબળા પડી ગયા હતા. એમનો



અવાજ એટલો ધીમો હતો કે કોઈ સાંભળી શકે નહિ. આખરે બન્ને કોમોના નેતાઓએ પ્રતિજ્ઞા લીધી, વચનો આપ્યાં ને ગાંધીજીને એથી સંતોષ થયો.

પ્રાર્થનાઓ થઈ, એમને ગમતાં ભજનો ગવાયાં અને ગાંધીજીએ ઉપવાસ છોડ્યા.

ગાંધીજી નિયમિત પ્રાર્થનાસભામાં હાજરી આપતા. એમના છેલ્લા ઉપવાસ પછી બિરલા હાઉસમાંથી એમને ખુરશી પર પ્રાર્થનાસભામાં લઈ જવામાં આવતા હતા. બીજે દિવસે એક મોટો ધડાકો સંભળાયો. એ બૉમ્બનો ધડાકો હતો. બૉમ્બ ગાંધીજીને મારવા માટે ફેંકવામાં આવ્યો હતો. પણ એ બાગની દીવાલ પર અથડાયો ને દીવાલનો કેટલોક ભાગ તૂટી ગયો. ગાંધીજી તો જાણે કંઈ બન્યું નથી તેમ વર્ત્યા. એમણે કહ્યું, "એની ચિંતા ન કરો. મારી વાત સાંભળો." મુસલમાનોને બચાવવાના એમના પ્રયત્નોથી કેટલાક લોકો ગુસ્સે થયા હતા. આમ છતાં પ્રાર્થનાસભામાં આવનારા કોઈની પણ તપાસ કરવામાં ન આવે એવો એમણે આદેશ આપ્યો.





ત્રીશમી જાન્યુઆરી 1948નો દિવસ હતો. આકાશ સ્વચ્છ હતું. વાતાવરણમાં સારી એવી ઠંડી હતી. સવારના પહોરમાં જ ગાંધીજીએ એમના માણસોને કહ્યું, "મારા બધા અગત્યના કાગળો લઈ આવો. આજે મારે બધાના જવાબો આપી દેવા જોઈએ, કારણ કે કાલે કદાચ હું ન હોઉં!"

સાંજે પાંચ ને દશે, ગાંધીજી પ્રાર્થનાસભા તરફ ચાલ્યા. એમણે આભા તથા મનુના ખભાનો ટેકો લીધો હતો. એમના એ દાદા થતા હતા. એ ઝટપટ પાંચ પગથિયાં ચઢીને મંચ તરફ આગળ વધ્યા.


એમનું સ્વાગત કરવા લોકો ઊભા થયા. ઘણા એમની નજીક ગયા. કેટલાકે એમને જવા માટે રસ્તો કરી આપ્યો. એકાએક ખાખી કપડાં પહેરેલો માણસ બધાને ધક્કા મારીને આગળ ધસી આવ્યો. મોડું થયું હતું એટલે મનુએ એને અટકાવ્યો, એટલે એણે મનુને ધક્કો મારીને પાડી નાખી.


એ મહાત્માજીની બે ફૂટ નજીક આવ્યો, એમને પ્રણામ કરતો હોય એમ નીચો વળ્યો ને પિસ્તોલ કાઢી ધડાધડ ત્રણ ગોળીઓ છોડી. એક ગોળી ગાંધીજીના પેટમાં વાગી ને પીઠમાંથી બહાર નીકળી. બીજી એમની છાતીમાં વાગીને ફેફસામાં ભરાઈ ગઈ.

પહેલી ગોળીએ ગાંધીજીનો પગ લથડી પડ્યો, છતાં એ ઊભા રહ્યા. એમનો ચહેરો ફિક્કો પડી ગયો ને એમનાં સફેદ કપડાં લોહીથી ખરડાઈ ગયાં. ધીરે ધીરે એમના બન્ને હાથ ઢળી પડ્યા.

એમણે ધીરે અવાજે કહ્યું, 'હે રામ!' ને ત્રીજી ગોળી વાગતાં એ ઢળી પડ્યા. એમનાં ચશ્મા જમીન પર પડી ગયાં, ને એમનાં ચંપલો પગમાંથી નીકળી ગયાં.

આભા તથા મનુએ ગાંધીજીનું માથું ઊંચક્યું. એમને બિરલા હાઉસમાં એમના ઓરડામાં લઈ ગયા.





દશ મિનિટ પછી ડૉક્ટરોએ જાહેર કર્યું કે ગાંધીજી મરણ પામ્યા છે. એ સમાચાર મળતાંવેંત જ જવાહરલાલ એમની ઑફિસેથી દોડતા આવ્યા ને ગાંધીજીનાં લોહીથી ખરડાયેલાં કપડાંમાં મોઢું ઢાંકીને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.

આ કરુણ સમાચાર જનતાને આપવાનું જવાહરને માથે આવી પડ્યું. એ બિરલા હાઉસના દરવાજા આગળ ત્યાં એકઠી થયેલી જનતાને સમાચાર આપવા ગયા.

એ દિવસે સાંજે એમણે આકાશવાણી પરથી શોકપૂર્ણ અવાજે કહ્યું : ''આપણા જીવનમાંથી પ્રકાશ ચાલી ગયો છે અને હવે આપણે અંધારામાં અટવાઈએ છીએ. તમને શું કહેવું ને શી રીતે કહેવું તે મને સમજાતું

નથી. આપણા પ્યારા નેતા જેને આપણે બાપુ કહીને બોલાવતા હતા, તે આપણા રાષ્ટ્રપિતા હવે આપણી પાસે નથી.... ...."

બીજે દિવસે ગાંધીજીની સ્મશાનયાત્રા નીકળી. દિલ્હીમાં એ સ્મશાનયાત્રામાં જમનાના કિનારા પર પાંચ માઈલ લાંબું સરઘસ નીકળ્યું. એમના શરીરને લશ્કરી તોપ પર ગોઠવવામાં આવ્યું; એમના શરીર પર ફૂલોનો ઢગલો થયો. ગાડી પર રાષ્ટ્રધ્વજ લપેટવામાં આવ્યો. સ્મશાનયાત્રાની આગળ છ હજાર સૈનિકો, નાવિકો, વિમાની દળના માણસો ને પોલીસના માણસો હતા. સરઘસમાં પંદર લાખ માણસો હતા, જ્યારે બીજા દશ લાખ માણસો રસ્તા પર ઊભા હતા.

નહેરુને નવા રાષ્ટ્રની જવાબદારી સંભાળવાની હતી. એમને એકલવાયું લાગતું હતું. એ મૂંઝાયેલા હતા. એમને સલાહ આપવાને તથા દોરવાને આજે રાષ્ટ્રપિતા એમની પડખે નહોતા. રામદાસે એમના પિતાની ચિતામાં આગ મૂકી. એ દૃશ્ય અત્યંત કરુણ હતું. બધાં રડતાં હતાં. લોકોનાં ટોળાં ધ્રુસકે ધ્રુસકે રડતાં હતાં.



ચિતાની આગે ગાંધીજીનું શરીર ભસ્મીભૂત કરી નાખ્યું. ગાંધીજી દુનિયાના સૌથી મહાન નેતા હતા. એ સંત પુરુષ હતા. તત્ત્વજ્ઞાની હતા. લેખક હતા. વક્તા હતા. આમ છતાં એ ઘણા નમ્ર હતા. એમનામાં બેહદ શક્તિ હતી. એ બધાના મિત્ર અને પિતા જેવા હતા. એમણે દુનિયાના મહાન સામ્રાજ્યના પાયા હચમચાવી નાખ્યા હતા. એ વાઈસરૉયો ને રાજા-મહારાજાઓ જોડે ફરતા, પણ એક ગરીબ હરિજનની જેમ રહેતા. એમનો દેશ સુંદરમાં સુંદર કપડાં બનાવતો પણ એ જાડી ખાદી પહેરતા. એના એક શબ્દ પર લાખો લોકો જાન કુરબાન કરવા તૈયાર થતા હતા. આમ દેખાવે નબળા લાગતા હોવા છતાં એમનામાં વિરાટ શક્તિ હતી. તેઓ કઈ જાતના માણસ હતા? લોકો કહે છે કે ગૌતમ બુદ્ધ પછી ભારતના એ મહાનમાં મહાન પુરુષ હતા. કદાચ એ એનાથીયે મહાન હતા? એનો જવાબ તો ઈતિહાસ જ આપશે.



Printed at: Gita Offset Printers Pvt. Ltd., New Delhi-110020